ત્રિકોણનો ચોથો ખૂણો
વિક્રમ વકીલ
feedback@
bombaysamachar.com

# સામ્યવાદીઓએ કરેલી દલિતોની કત્લેઆમનો લોહિયાળ ઈતિહાસ



''પશ્ચિમ બંગાળની સામ્યવાદી સરકારે અમારો આર્થિક બહિષ્કાર ચાલુ કર્યો હતો. ૧૯૭૯ની ૨૬મી જાન્યુઆરીએ પોલીસની ૩૦ જેટલી લોન્ચ બોટ અને ત્રણ જેટલી બીએસએફની સ્ટીમરે મોરીછાપી ટાપુને ઘેરી લીધો હતો. ઘણા દિવસોથી અમે અનાજ, પાણી કે દવા લેવા માટે ટાપુની બહાર જઇ શક્યા નહોતા. જ્યારે પણ અમારી હોડીઓ ટાપુથી દૂર જવાનો પ્રયત્ન કરે કે પોલીસની લોન્ચ ટક્કર મારીને અમારી હોડીને ડુબાડી દેતી હતી અને હોડીમાં સવાર લોકો ડૂબી જતા હતા. અમારા નેતા સતીષ મોન્ડાલ અને રંગલાલ ગોલ્ડારે નક્કી કર્યું કે એક હોડીમાં ફક્ત સ્ત્રીઓને બેસાડીને જ પાણી અને અનાજ લેવા મોકલીએ. પોલીસ કદાચ મહિલાઓને જોઇને હોડીને જવા દેશે. પરંતુ અમે ખોટા પડ્યા. ખાખી વર્દીધારીઓએ મહિલાઓની હોડીને પણ ટક્કર મારીને ડુબાડી દીધી. મહિલાઓ ડૂબી રહી હતી ત્યારે હું અને બીજા ૪૦૦ જેટલા પુરુષો હિંમત કરીને એમને બચાવવા દોડ્યા. અમે નદીમાં ડૂબકી મારીને તરતાં તરતાં પહોંચ્યા ત્યારે ડૂબી રહેલી મહિલાઓ પર પોલીસે ફાઇરિંગ શરૂ કર્યું. જોકે અમે હિંમત કરીને કેટલીક મહિલાઓને બચાવી લીધી.... ''

બંગલાદેશથી શરણાર્થી તરીકે આવીને પશ્ચિમ બંગાળમાં સ્થાયી થયેલા સંતોષ સરકાર ઉપરનો પ્રસંગ યાદ કરતા લગભગ રડી પડ્યા હતા. મોરીછાપી શું છે અને ત્યાં શું શું થયું હતું એની આપવીતી કહેવા માટે સંતોષ સરકાર જેવા બીજા કેટલાક બંગાળી હિન્દુઓ હજી હયાત છે.

પશ્ચિમ બંગાળમાં કોલકાતાથી આશરે ૭૦ કિલોમીટર દૂર આવેલા સુંદરવનના જંગલોની વચ્ચે મોરીછાપી નામનો નાનકડો ટાપુ આવ્યો છે. ૧૯૪૭ના ભાગલા વખતે એ વખતના પૂર્વ પાકિસ્તાનમાંથી ભારતમાં શરણાર્થી તરીકે આવેલા હિન્દુઓમાંથી, ઉપલા વર્ગના હિન્દુઓ કોલકાતા સ્થાયી થવા માટે નસીબદાર રહ્યા હતા. મોટા ભાગના ગરીબ અને દલિત હિન્દુઓને પશ્ચિમ બંગાળમાં આવકાર મળ્યો નહીં હોવાથી તેઓ ઓરિસ્સા અને છત્તીસગઢ જેવા રાજ્યોમાં સ્થાયી થયા હતા. આ હિન્દુઓની હાલત ખૂબ જ કપરી હતી. જંગલમાં તેઓ આદિવાસીઓની સાથે રહીને ભૂખમરામાં દિવસો પસાર કરતા હતા. હિટલરના કોન્સનટ્રેશન કેમ્પમાં જે હાલત યહુદીઓની હતી એવી જ હાલત હિન્દુ શરણાર્થીઓની હતી. ૬૦ના દાયકામાં પણ પૂર્વ પાકિસ્તાનના બંગાળી મુસ્લિમો દ્વારા થતા અત્યાચારથી કંટાળીને હિન્દુઓ મહામહેનતે ભારત શરણાર્થી તરીકે આવ્યા હતા. એ વખતે પશ્ચિમ બંગાળમાં સામ્યવાદી પક્ષ સીપીઆઇ (એમ) વિરોધ પક્ષ તરીકે હતો. મધ્ય પ્રદેશના જંગલોમાં સ્થાયી થયેલા આ શરણાર્થીઓને બંગાળમાં સ્થાયી થવાનું આમંત્રણ અને લાલચ સામ્યવાદીઓએ આપી હતી.

સામ્યવાદી કહો, ડાબેરી કહો, માઓવાદી કહો કે અર્બન નક્સલ કહો. પ્રજાતિ એક જ છે. આ પ્રજાતિ હંમેશા એવો દેખાડો કરે છે કે તેઓ ગરીબોના મસિહા છે. લિબરલ છે. સેક્યુલર છે. પોતાના વિરોધીઓ માટે તેઓ હંમેશા ફાસિસ્ટ, કોમવાદી, માસ મર્ડરર... જેવા શબ્દપ્રયોગનો ઉપયોગ છુટ્ટથી કરે છે. સામ્યવાદીઓનો અસલી ચહેરો જોવો હોય તો ઘણા બધા દાખલા આપી શકાય. એક પુસ્તકે આ સામ્યવાદીઓનો એક એવો બિહામણો અને બર્બર ચહેરો એક્સપોઝ કર્યો છે કે કદાચ હિટલર અને મુસોલિની જેવા ક્રૂર શાસકોને પણ સારા કહેવડાવે.

સામ્યવાદીઓ જે ઇતિહાસને વિશ્વથી છુપાવવા માંગતા હતા, જેના ઉલ્લેખ માત્રથી છળી ઊઠતા હતા એ વિશ્વસમક્ષ બેનકાબ થઈ ગયો છે.

સિત્તેરના દાયકાના અંતભાગમાં પશ્ચિમ બંગાળની સત્તા પર પહેલી વખત સામ્યવાદીઓએ કબજો જમાવ્યો. મુખ્યપ્રધાન તરીકે જ્યોતિ બસુ હતા. સામ્યવાદીઓની વાતમાં વિશ્વાસ રાખીને કેટલાક હજાર શરણાર્થીઓ મોરીછાપી ટાપુ પર સ્થાયી થયા. જાત મહેનતે એમણે જંગલમાં મંગલ જેવું વાતાવરણ ઊભુ કર્યું. તેઓ માંડ બે પાંદડે થયા તે સામ્યવાદીઓની આંખમાં ખૂંચવા માંડ્યા. આ શરણાર્થીઓમાંથી મોટા ભાગના નવશુદ્ર તરીકે ઓળખાતા દલિત હતા. સામ્યવાદી સરકારે મોરીછાપીના શરણાર્થીઓને ધમકી આપવાની ચાલુ કરી કે તેઓ ટાપુ ખાલી કરી નાખે. ધમકીઓથી ડરીને કેટલાક શરણાર્થીઓ સુંદરવન જંગલની અંદર ભાગી ગયા. આ ભાગેલા શરણાર્થીઓમાંથી કેટલાકને રેલવે સ્ટેશન પરથી જ પકડીને જેલમાં પૂરી દેવામાં આવ્યા. દિવસો સુધી એમને ખોરાક અને પાણી આપવામાં આવ્યા નહીં. કેટલાકને તડીપાર કરવામાં આવ્યા. ત્યાર પછી મોરીછાપીમાં રહી ગયેલા ૪૦ હજાર જેટલા દલિત શરણાર્થીઓ પર જે અત્યાચાર થયા તેનો જોટો સ્વતંત્ર ભારતના ઇતિહાસમાં જડે તેમ નથી.

સરકારે પોલીસ મોકલીને શરણાર્થીઓનાં ઝૂંપડાઓ સળગાવી દીધાં. ટાપુને ચારે તરફથી ઘેરી લઈને અનાજ અને પાણીનો પૂરવઠો અટકાવી દેવામાં આવ્યો. અનાજ, પાણી અને દવા વગર હજારો શરણાર્થીઓ મૃત્યુ પામ્યાં. પોલીસ અત્યાચારમાં બાકીના બીજા જે મૃત્યુ પામ્યા એ બધાનો આંકડો ગણતા એમ કહેવાય છે કે ૧૦ હજાર હિન્દુ શરણાર્થીઓની કત્લેઆમ કરવામાં આવી હતી. ૧૯૭૧ના યુદ્ધ પછી જ્યારે પૂર્વ પાકિસ્તાન બંગલાદેશ બન્યું ત્યાર પછી ત્યાંના હિન્દુઓ પર થતા અત્યાચારમાં ઘટાડો થયો નહીં એટલે અહીંના હિન્દુઓ માટે સૌથી મોટી દ્વિધા એ હતી કે એમણે કરવું શું?

શરૂઆતમાં જે શરણાર્થીઓ આવ્યા હતા તેમને દંડકારણ્યમાં કામચલાઉ તંબુઓ તૈયાર કરીને રાખવામાં આવ્યા હતા. આવા હિન્દુ શરણાર્થીઓ માટે મોરીછાપીનો ટાપુ એ કાયમના વસવાટનું સ્થળ બની શકે એમ હતું. શરણાર્થીઓ આવ્યા એ પહેલાં મોરીછાપી ટાપુ પર કોઈ વસવાટ કરતું નહોતું એટલે સામ્યવાદી સરકાર પાસે દલિતોની કત્લેઆમ કરવા માટે કોઈ કારણ પણ નહોતું.

દિપ હલદર નામના તેજસ્વી પત્રકારે મોરીછાપી હત્યાકાંડમાંથી બચી ગયેલા અને જેમણે હત્યાકાંડ વિશે ફર્સ્ટહેન્ડ માહિતી મેળવી હતી તેવાઓને મળીને 'બ્લડ આઇલેન્ડ' નામનું પુસ્તક લખ્યું છે. આ પહેલાં મોરીછાપીના હત્યાકાંડને પૃષ્ઠભૂમિમાં રાખીને અમિતાવ ઘોષ નામના જાણીતા લેખકે એક નવલકથા પણ લખી હતી.

## થાઈલેન્ડમાં ૨૦,૯૯૯ ઈંડાંની ઓમલેટ બની!



વિદેશોમાં આજકાલ કોઈ વાનગીને પ્રિય બનાવવી હોય તો એ વાનગીને આદમકદમાં બનાવીને પ્રચાર કરવાની ફેશન ચાલી છે. ઇટાલિયન વાનગીનું રેસ્ટોરાં ખૂલે તો તેમાં મોટા રૂમ જેટલા વિશાળ પિત્ઝા બનાવીને લોકોને આકર્ષવામાં આવે છે. થાઇલેન્ડમાં ઇંડાનો વપરાશ વધારવાની ઝુંબેશ ચાલી છે. બેંગકોકથી ૩૦ કિલોમીટરના અંતરે આવેલા ચાચેંગસાઓ પ્રદેશમાં એક મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં ૧૧૦૦ જેટલી થાઈ ગૃહિણીઓએ મળીને ૨૦,૯૯૯ ઇંડાંની એક મહાઆદમકદ ઓમલેટ બનાવીને રજૂ કરી હતી. આ ઓમલેટ બનાવવા માટે આ ૧૧૦૦ ગૃહિણીઓની મદદે બીજા ૪૯૯ જેટલા આસિસ્ટન્ટ્સ પણ હતા. આ બધાને આશા છે કે તેમની આ મહેનત બદલ તેમને ગિનેસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડઝમાં જરૂર સ્થાન મળશે. ચાચેંગસાઓના ગવર્નર થેરાવત કુલાનીત કહે છે કે, ''ઇંડા એ સૌથી સસ્તી અને પૌષ્ટિક વસ્તુ છે. આ વિશાળ ઓમલેટની જાહેરાતથી ઇંડાંનું વેચાણ વધશે અને દેશની આર્થિક સ્થિતિ પણ સુધરશે.'' આ જંગી ઓમલેટ બનાવવા માટે ચાચોંગસાઓની ટેક્નિકલ કોલેજના વિદ્યાર્થીઓએ એક ખાસ તવો બનાવ્યો હતો. ૬ બાય ૯ મીટરના એ તવાનો સરફેસ એરિયા ૫,૪૦,૦૦૦ ચોરસ સેન્ટિમીટરનો હતો અને તવાનું વજન હતું ૪,૯૯૯ કિલોગ્રામ. એક થાઈ સૈનિકે ઓમલેટ બનાવવા બળતણ માટે ૧૨૨.૫ કિલો ચારકોલ સળગાવ્યો હતો. કુલ મળીને લગભગ ૧૬૦૦ લોકોની મહેનતથી તૈયાર થયેલી આ ઓમલેટની રેસિપી જરા પણ ખાનગી રહી શકી નહોતી. ૧૫૦૦ કિલો ઈંડાંની આ ઓમલેટ બનાવવા માટે ૧,૦૦૦ લિટર ખાદ્યતેલ, ૩૧.૫ લિટર ફિશ સોસ અને ૮ લિટર લેમન જ્યુસ વાપરવામાં આવ્યો હતો. પણ લાખ રૂપિયાનો સવાલ છે એ કે એ લોકો ૨૦,૯૯૯ ઇંડાંની ઓમલેટ શા માટે બનાવી ? એક ઈંડું વધારે ફોડ્યું હોત તો ૨૧,૦૦૦નો રાઉન્ડ ફિગર થઈ ગયો હોત. શું એ લોકોએ બાટા શૂઝના ભાવમાંથી પ્રેરણા લીધેલી ? ■

ભારતીય દૃષ્ટિએ ઈતિહાસ | ડૉ. રાજેશ ચૌહાણ | feedback@ bombaysamachar.com

# બૌદ્ધ મૂર્તિઓ પર હિન્દુ ધર્મનો પ્રભાવ



મહાકાલ

**પ્રાચીન** ભારતીય ઈતિહાસના અધ્યયનથી જાણી શકાય કે સેનાપતિ પુષ્ય મિત્રશુંગે અંતિમ મૌર્ય શાસક બૃહ્દ્‌થની હત્યા કરી વિદ્વાનો તેને બૌદ્ધધર્મ વિરુદ્ધ બ્રાહ્મણ પ્રતિક્રિયા કહે છે. મૌર્ય શાસકોએ યજ્ઞ પર પ્રતિબંધ મુક્યો. પુષ્યમિત્રે બ્રાહ્મણ ધર્મનું ઉત્થાન કર્યું. ગુપ્તયુગમાં સારનાથ બૌદ્ધ કલાત્મક મૂર્તિઓ માટે વિખ્યાત હતું. ગુપ્તકાલમાં ભારતની વ્યાપારિક અને સાંસ્કૃતિક સંપર્ક માટે હિન્દ, ચીન, જાવા, સુમાત્રા અને બાલી જેવા દ્વીપ સમૂહો હતા જ્યાં ભારતીય મૂર્તિઓ આવવા લાગી. ગુપ્ત રાજા કળાઓના સંરક્ષક હતા. સાતવાહન શાસકોએ પણ વૈદિક યજ્ઞ કર્યા બ્રાહ્મણ ધર્મનો પ્રભાવ પૂર્વ -પશ્ચિમ, ઉત્તર - દક્ષિણ એમ દરેક જગ્યાએ વધી રહ્યો હતો.

ગ્રુનવૈડલનો વિચાર છે કે હિન્દુઓ જયારે બૌદ્ધ ધર્મમાં દીક્ષિત થયા તો તેમના સંસ્કારો - ધાર્મિક વિશ્વાસ અને દેવી - દેવતાને પણ પોતાની સાથે શ્રદ્ધાવશ બૌદ્ધ ધર્મમાં લઇ ગયા. શંકર દિગ્વિજય પછી બૌદ્ધ દેવી -દેવતાને હિન્દુ ધર્મમાં પરિવર્તિત રૂપમાં લઈ આવ્યા. આ રીતે દેવકુલનો વિકાસ થયો. બૌદ્ધ ધર્મ મૂળ કર્મકાંડ વિરોધી હતો પરંતુ કલાન્તરમાં ધર્મના વિકાસ અને તેને લોકપ્રિય બનાવવા માટે બ્રહ્મા, વિષ્ણુ, શિવ અને ઇન્દ્રના પ્રબળ આકર્ષણથી બચી શક્યા નહી અને પોતાના પંથનો ભાગ બનાવવા આતુર થયા હતા. આ વિષયમાં ત્રણ પ્રમુખ ધર્મોએ તેના બધા સંપ્રદાયોએ અનેક મિથક આખ્યાન અને પૌરાણિક કથાઓની રચના કરી અને તત્ત્વસંબંધી મૂર્તિઓનું નિર્માણ કર્યું.



પદ્મપાણી અવલોકિતેશ્વર

ડૉ. રેખા ચતુર્વેદી પોતાના મહાશોધ નિબંધ પ્રાચીન ભારતની સંઘાટ પ્રતિમા : એક અધ્યયન ( કુષાણકાળથી મધ્યકાળ સુધી) જણાવે છે કે, બૌદ્ધગ્રંથ સાધનમાલા અને નીષ્યન્નયોગાવલીમાં બૌધિસત્ત્વ, અવલોકિતેશ્વર તથા ધ્યાન બૌદ્ધોના વિવિધ પ્રકારોનું વિવરણ મળે છે. પદ્મપાણી અવલોકિતેશ્વર પર વિષ્ણુનો પ્રભાવ જોવા મળે છે. બૌધિસત્ત્વ - સિંહનાદ, નિલકંઠ, તથા મહાકાલ પર શિવ પ્રભાવ સ્પષ્ટ જોવા મળે છે. એ જ પ્રકારે વજ્ર, ખંટવાંગ અને કપાલ હાથોમાં લઇ ગળામાં મુંડમાલ પહેરેલ શવ પર નૃત્ય કરતા ઉગ્ર હેરુક નટરાજ શિવની પ્રતિકૃતિ લાગે છે.



મારીચી

વજ્રયાની દેવતા યામારી નિશ્ચય શિવનું બૌદ્ધ સંસ્કરણ છે. આ પ્રકારે હયગ્રીવ તથા જંભલ પણ બ્રાહ્મણ દેવકુલના હયગ્રીવ અને કુબેર જ છે. કુબેર ધન દેવતા છે જે જંભલ છે. ધન સંપન્નતાના હિન્દુ દેવશ્રી મહાયાન બૌદ્ધ ધર્મમાં જંભલની યક્ષિણીના રૂપમાં નિરુપિત કર્યા જે વસુંધારાના રૂપમાં ઓળખાય છે.

સૂર્ય દેવ હિન્દુ પંથથી બૌદ્ધ ધર્મમાં કિંચિત રૂપ પરિવર્તન સાથે મારીચી નામથી પ્રસિદ્ધ છે. મારીચી પગ વગર સૂર્ય સારથી અરુણ સમાન અથવા ધડ વગરના રાહુ સમાન પ્રદર્શિત કરવામાં આવે છે.

વિશ્વરૂપ વિષ્ણુ બૌદ્ધધર્મમાં વિશ્વરૂપ લોકેશ્વરના રૂપમાં ગ્રહિત છે તથા વિષ્ણુના નરસિંહ અવતાર સવરના રુપમાં છે. આ પ્રકારે બ્રાહ્મણ ધર્મ વિરાટ પુરુષના સહસન્ન શીર્ષ; પુરુષ; સહસપ્રાદ; ના બૌદ્ધ સંસ્કરણ સહસન્ન બાહુ અવલોકિતેશ્વર છે જેની કાંસ્ય મૂર્તિ નેપાળથી પ્રાપ્ત થઈ છે.



તેલુઆ બાબા

હિમાચલ (લાહૌલ)ના ટુડે નામના સ્થળે ત્રિલોકનાથ મંદિરમાં હિન્દુ તથા બૌદ્ધ બંને ધર્મના ભક્ત દર્શન કરવા આવે છે. આ ત્રિલોકનાથ શિવ છે જે બૌદ્ધ બૌધિસત્ત્વ અવલોકિતેશ્વર કહે છે મંદિરના પૂજારી બૌદ્ધ લામા છે. બૌદ્ધ તેમને સર્વદર્શી બૌદ્ધ કહે છે જે બધાના જન્મદાતા, મુક્તિદાતા અને નિયંતા હોવા છતાં કૃપા અને દયાના દેવ છે. હિમાચલના મંડી ત્રિલોકનાથ પર શૈવ પ્રભાવ સ્પષ્ટ જોવા મળે છે. ચમ્બા ઉદયપુરના મારકુલા દેવી મંદિર દેવી કાલીનું મંદિર છે. જેમાં હિન્દુ અને બૌદ્ધ બંને કોઈપણ ભેદભાવ વગર પૂજા-અર્ચના કરે છે. અહી લાકડાનું નકશીકામ રામાયણ, મહાભારતના દશ્યો ઉપરાંત બૌદ્ધના જીવન દશ્ય પણ દર્શાવ્યા છે. છતના ઉત્તરી ભાગ પર મારમર્દન ના ચિત્રો પણ ચિત્રિત છે. આ કલાદીર્ઘએ બૌદ્ધ ભૂમિ સ્પર્શમુદ્રામાં વજ્રાસનમાં બેઠેલ છે. બૌદ્ધ ધર્મમાં માર વાસનાઓના અને મૃત્યુના દેવતા છે. બૌદ્ધની તપસ્યાના અનન્તર મારને ભ્રષ્ટ કરવાનો પ્રયત્ન કર્યો અને અનેક પ્રકારના ઉપસર્ગ દેવામાં આવ્યા. ચાર સિંહના રથ પર બેઠેલ માર પલાઠી મારી બેઠેલ છે. તેમની સાથે બે પુત્રીઓ હતી.



ત્રિલોકનાથ શિવ

ગુવાહાંટીનું એક શૈલકૃત મંદિરમાં વિષ્ણુ મૂર્તિની પૂજા જનાર્દન બૌદ્ધના નામથી કરાય છે. આસામમાં સુખેશ્વર નામના મંદિરમાં બૌદ્ધની એક વિશાળ બેઠેલ મૂર્તિ પણ જનાર્દન બૌદ્ધના નામથી પ્રખ્યાત છે. નાલન્દાના બડગાવની ભૂમિ સ્પર્શ મુદ્રામાં ગ્રેનાઈટ પથ્થરની બૌદ્ધની આસન મુદ્રા છે. જેને સ્થાનીય લોકો તેલુઆ બાબા કહે છે અને તેમના માથા પર તેલ દુઃખ કરવા માટે ચડાવવામાં આવે છે. શિમલાની સતલજ ઘાટીમાં શમશેર મહાદેવનું મંદિર છે જેમાં મુખ્ય દેવતા પાર્વતી છે. આ મદિરમાં બૌદ્ધની ૬ ઇંચની કાંસ્ય પ્રતિમા પૂજિત છે. તાબોના બૌદ્ધ વિહારમાં બૌદ્ધ દેવતાની સાથે મુખ્યરૂપમાં હિન્દુ દેવતા ગણેશની પૂજા થાય છે. ■

કારણ-રાજકરણ
ડૉ. હરિ દેસાઈ
feedback@
bombaysamachar.com

# ક્રાંતિના શાયર ફૈઝ અહમદ ફૈઝ બહિષ્કૃત

### કેન્દ્રીય બોર્ડના પાઠ્યક્રમમાંથી રુખસદ

### અટલ બિહારીના લાડકા શાયર હતા ફૈઝ

### પ્રા. લેંગે ૧૫૦માંથી ૧૬૫ ગુણ આપ્યા હતા

હમણાં કેન્દ્ર સરકારે કેન્દ્રીય શિક્ષણ બોર્ડનો અભ્યાસક્રમ બદલ્યો. ઇતિહાસનું પુનર્લેખન કે અનુકૂળ લેખન કરવાનો માહોલ હોય અને મુઘલ શાસનકાળ કે બ્રિટિશ શાસનકાળને મહત્ત્વ ના મળે એની કાળજી લેવામાં આવતી હોય ત્યારે ઇતિહાસના કેટલાક કાલખંડ ગપટ કરી દેવાય છે. અમુકને અનુકૂળ રીતે રજૂ કરાય છે. એનું દ્રશ્ય રાષ્ટ્રીય મંચ પર અત્યારે ભજવાઈ રહ્યું છે. કોઈક અગમ્ય કારણોસર કે તખ્તાપલટની પ્રેરણા યુવા માનસમાં ના પ્રગટે એટલા હેતુસર ભારત અને પાકિસ્તાન જ નહીં, પણ દુનિયાભરમાં મશહૂર શાયર ફૈઝ અહમદ ફૈઝની વર્ષોથી ભણાવાતી બે નઝમ દસમા ધોરણના ડેમોક્રેટિક પોલિટિક્સમાંથી ગાયબ કરી દેવામાં આવી. સત્તાવાર રીતે તો આ સંદર્ભમાં કોઈ કારણ ફાઈલે નોંધાયું હોય તો જાણમાં નથી, પણ જે ક્રાંતિના શાયર વર્તમાન સત્તારૂઢ પક્ષના આરાધ્યપુરુષ અટલ બિહારી વાજપેયીના લાડકા હતા એમને જ બહિષ્કૃત કરી દેવાયા છે. દસમા ધોરણના કેન્દ્રીય બોર્ડના વિદ્યાર્થી આ બે નઝમ ભણતા હતા એને બદલે હવે આખો દેશ ફૈઝની ચર્ચા કરે છે. ફૈઝને અભ્યાસક્રમમાંથી રુખસદ અપાતાં સમગ્ર દેશ એની ચર્ચા કરે છે. જેને કાઢવાનો હતો એ સૌથી વધુ છવાતો જાય છે. ઓછામાં પૂરું, ફૈઝને સમજ્યા વિના કે એને જાણ્યા વિના એના નામ, ધર્મ કે પાકિસ્તાની હોવા માત્રને કારણે એને બહિષ્કૃત કરવાનો પ્રયાસ થાય તો એ વધુ ઉત્સુકતા જગાવશે એ નક્કી. નાગરિકતા સુધારણા કાનૂન અને નાગરિકતાના રાષ્ટ્રીય નોંધણીપત્રક જેવા વર્તમાન શાસકો થકી અમલમાં લાવવાના પ્રયાસ સામે ઊઠેલા વિરોધવંટોળમાં ફૈઝ અહમદ ફૈઝની નઝમ હમ દેખેંગે ગવાતી રહી અને કાશ્મીર ફાઈલ્સમાં પણ એનો સમાવેશ થયો હોવાને કારણે ફૈઝને શાસક વિરોધી સ્વર બુલંદ કરવાનું નિમિત્ત લેખીને પ્રતિબંધિત કરવાની કોશિશ થયાની શક્યતા વધુ છે. જોકે પ્રતિબંધ મુકાય ત્યારે એના વિશે જાણવાની વધુ ઉત્સુકતા જાગે. ફૈઝ વિશે કે તેમની આ નઝમની રચના કે તેના જાહેર કાર્યક્રમ સંદર્ભે કૂપમંડૂકો કદાચ અજાણ હશે.



## હિંદુ પોશાક અને ફૈઝ

પાકિસ્તાનમાં જનરલ ઝિયા-ઉલ-હકનું લશ્કરી શાસન હતું ત્યારે તેમણે ૧૯૮૫માં એક ફરમાન બહાર પાડીને સાડીને હિંદુ પોશાક ગણાવી એ પહેરવા પર પ્રતિબંધ લગાવ્યો હતો. એ વેળા પાકિસ્તાનની મશહૂર ગાયિકા ઈકબાલ બાનોએ કાળા રંગની સાડી પહેરીને લાહોરના અલહમરા ઓડિટોરિયમમાં ફૈઝની હમ દેખેંગે નઝમ ગાવાનું પસંદ કર્યું હતું. ફૈઝની ૧૯૭૯ની આ રચના જયારે ઈકબાલ બાનોએ તાનાશાહ જનરલ ઝિયાના શાસનકાળમાં ગાવાનું પસંદ કર્યું ત્યારે ફૈઝની રચનાઓ - નઝમો - ગઝલો પાકિસ્તાન ટીવી કે રેડિયો પર પ્રસારિત કરવા પર પ્રતિબંધ હતો ! ઈકબાલ બાનો સાથે ઉપસ્થિત સઘળો જનસમૂહ પણ ફૈઝની આ નઝમ ગાતો હતો. એ ફૈઝ સાથે જ ઈકબાલ બાનોના નામે મશહૂર થઈ. એ નઝમના શબ્દો કંઈક આવા હતાઃ

*હમ દેખેંગે*
*લાજિમ હૈ કિ હમ ભી દેખેંગે*
*વો દિન કિ જિસ કા વાદા હૈ*
*જો લોહ-એ-અજલ મેં લિખ્ખા હૈ*
*જબ જુલમ-ઓ-સિતમ કે કોહ-એ-ગિરાં*
*રુઈ કી તરહ ઉડ જાએંગે*

ફૈઝ અહમદ ફૈઝની ૧૯૭૯માં અવતરેલી ઉપરોક્ત નઝમનો સંબંધ ભારત અને પાકિસ્તાન બંનેની રાજકીય સ્થિતિ સાથે રહ્યો. ૧૯૭૭માં ભારતમાં ઇન્દિરા ગાંધીની ઈમરજન્સી સમાપ્ત થઇ અને મોરારજી દેસાઈની સરકાર સ્થપાતાં લોકશાહી બહાલ થઇ. એ જ વર્ષે પાકિસ્તાનમાં લશ્કરી વડા જનરલ ઝિયાએ સત્તા કબજે કરીને તાનાશાહી સ્થાપિત કરી હતી. આ ઘટનાક્રમના વિરોધમાં ફૈઝે આ રચના લખી હતી. એના વિદ્રોહી શબ્દોને કારણે ફૈઝને પ્રતિબંધિત કરવામાં આવ્યા હતા. ફૈઝના મૃત્યુ પછી એમની રચનાઓ વધુ વંચાતી અને પ્રભાવ પાડનારી રહી.મૂળે ડાબેરી વિચારક એવા ફૈઝને બગાવત અને વિરોધનું પ્રતીક માનવાની સાથે જ ધર્મ વિરોધી પણ માનવામાં આવતા હતા.



## અટલજી ફૈઝના આશિક

મોરારજી દેસાઈની સરકારમાં વિદેશમંત્રી તરીકે અટલ બિહારી વાજપેયી પાકિસ્તાન ગયા ત્યારે પ્રોટોકોલ તોડીને લાહોરમાં ફૈઝના ઘરે ખાસ એમને મળવા ગયા હતા. એમણે ફૈઝને કહ્યું હતુંઃ હું આપને માત્ર એક શેર માટે જ મળવા ઈચ્છતો હતો. અટલજીની ફરમાઈશ પર ફૈઝે એ શેર પ્રસ્તુત કર્યોઃ

*ફૈઝ' કોઈ રાહ મેં જંચા હી નહીં,*
*જો કૂ-એ-યાર સે નિકલે તો સૂ-એ-દાર ચલે.*

વર્ષ ૧૯૮૧માં ફૈઝ ભારત આવ્યા હતા. કવિ કૈદીરાય (વાજપેયી) સાથે એમની ભારતમાં પણ ગુફતગૂ થઈ હતી. બંને વચ્ચે ગાઢ મૈત્રી હતી. કમનસીબી એ છે કે અટલજીના જ પક્ષની સરકાર ફૈઝને બહિષ્કૃત કરે છે.

## લોકશાહીવાદી કર્નલ ફૈઝ

સિયાલકોટમાં ૧૩ ફેબ્રુઆરી, ૧૯૧૧ના રોજ જન્મેલા ફૈઝ રુઢિવાદી પરિવારમાં ઉછર્યા છતાં પ્રગતિશીલ હતા. બહુ ઓછાને જાણ હશે કે એ ૧૯૪૨માં બ્રિટિશ લશ્કરમાં કેપ્ટન તરીકે જોડાયા અને ૧૯૪૩માં મેજર બન્યા હતા.૧૯૪૪માં મેજરમાંથી કર્નલના હોદ્દે બઢતી પામ્યા હતા, પરંતુ ૧૯૪૭માં તેમણે લશ્કરમાંથી રાજીનામું આપ્યું હતું. પાકિસ્તાન બન્યા પછી ત્યાંના તાનાશાહ શાસકો સાથે ફૈઝને ક્યારેય બન્યું નહોતું. તેમણે અનેક વર્ષ જેલમાં જ વિતાવવાં પડ્યાં હતાં. દેશવટો પણ વહોરવો પડ્યો હતો.૧૯૫૧માં વડા પ્રધાન લિયાકત અલી ખાનની સરકારને ઉથલાવવાના કાવતરામાં સજ્જાદ જહીર સાથે તેમની ધરપકડ થઇ હતી. ચાર વર્ષના જેલવાસ દરમિયાન તેમને ખૂબ પરેશાન કરવામાં આવ્યા, પણ એમની રચનાઓ જેલમાં પણ અવતરણ પામતી રહી હતી. પાકિસ્તાનમાં સત્તાપલટાના પ્રતાપે તેમની સામે ખટલો ચાલ્યો નહીં,પણ ૧૯૫૫માં જેલમુક્ત થયા પછી ફરી ૧૯૫૮માં વરસ માટે જેલ જવાનો વારો આવ્યો.અંગ્રેજી દૈનિક પાકિસ્તાન ટાઈમ્સ અને ઉર્દૂ દૈનિક ઇમરોજના એ મુખ્ય તંત્રી રહ્યા.એમને ૧૯૬૨માં સાહિત્યની સેવા માટે લેનિન પુરસ્કાર પણ મળ્યો હતો. ૧૯૧૫માં માત્ર ચાર વર્ષની ઉંમરે સમગ્ર કુરાન કંઠસ્થ કરનાર ફૈઝ અંગ્રેજી અને અરબીમાં પ્રથમ શ્રેણીમાં પાસ થયા હતા.એ લાહોરની ગવર્નમેન્ટ કૉલેજમાં ભણતા હતા ત્યારે એમના અંગ્રેજીના પ્રાધ્યાપક લેંગ એમના અંગ્રેજી જ્ઞાનથી એટલા પ્રભાવિત હતા કે તેમણે ફૈઝને ૧૫૦માંથી ૧૬૫ ગુણ આપ્યા હતા ! કોઈ વિદ્યાર્થીએ એ સામે વાંધો ઉઠાવતાં પૂછ્યું કે તમે ફૈઝને ૧૫૦માંથી ૧૬૫ ગુણ કેમ આપ્યા ત્યારે પ્રા. લેંગે કહ્યું હતુંઃ એનાથી વધુ આપી શકું તેમ નહોતો માટે. ૧૯૩૫માં તેઓ અમૃતસરની એમ.એ.ઓ. કૉલેજમાં પ્રાધ્યાપક નિયુક્ત થયા હતા. ૧૯૪૦માં લાહોરની હેલી કૉલેજમાં અંગ્રેજી ભણાવતા હતા. ૧૯૪૧માં તેમણે એક અંગ્રેજ મહિલા મિઝ એલિસ જ્યોર્જ સાથે મુસ્લિમ વિધિથી લગ્ન કર્યાં હતાં. ૨૦ નવેમ્બર, ૧૯૮૪ના રોજ ૭૩ વર્ષની વયે લાહોરમાં એમનો

(જુઓ પાનું ૧૧) ▶▶